ક્રમાંકઃ પ્રાશિનિ/ખ-૨/નામ ફેરફાર/૨૦૨૫/૫૦૯૨-૯૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર તા.૧૮/૧૦/૨૦૨૫
૨૦

વંચાણે લીધાઃ

(૧) શિક્ષણ વિભાગના તા.૧૪/૧૨/૨૦૨૧ના જાહેરનામા અન્વયે.

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,વડોદરાના પત્ર ક્રમાંક:જિ.પં/શિક્ષણ/ખાશા/૭૮૯/૨૦૨૫, તા.૧૪/૧૦/૨૦૨૫

(૩) શ્રી વલ્લભાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટનો નામ ફેરફાર અંગે તા.૦૧/૦૮/૨૦૨૫નો ઠરાવ

કચેરી આદેશ :

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,વડોદરાના વંચાણ-૨થી શ્રી વલ્લભાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ગ્રીન વેલી સ્કુલ,અંપાડ (ધો-૧ થી ૮,અંગ્રેજી માધ્યમ) જિ:વડોદરા ખાનગી પ્રાથમિક શાળાના નામ ફેરફારની નિયત કરેલ ચેકલીસ્ટ મુજબના આધારો સાથે દરખાસ્ત કરેલ છે.

અત્રે રજુ થયેલ દરખાસ્તના ચેકલીસ્ટમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના મળેલ અભિપ્રાય સહ તમામ બાબતો ધ્યાને લેતાં શિક્ષણ વિભાગના વંચાણ-૧ના જાહેરનામાંથી મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ના નિયમ-૧૦૬(ક)(૫) હેઠળ મળેલ સત્તાની રૂએ શ્રી વલ્લભાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ગ્રીન વેલી સ્કુલ,અંપાડ (ધો-૧ થી ૮,અંગ્રેજી માધ્યમ) જિ:વડોદરાને નીચેની વિગતે તથા જણાવેલ શરતોને આધિન નામ ફેરફાર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| શાળાનું હાલનું નામ | શાળાનું નવું નામ |
|---|---|
| "ગ્રીન વેલી સ્કુલ,અંપાડ" | "જી.ડી.ગોએન્કા પબ્લિક સ્કુલ" |

શરતો :

(૧) શાળા સંચાલક મંડળે તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓને સમાવવાના રહેશે.

(૨) શાળા સંચાલક મંડળે સરકારશ્રીના નિયમો, પરિપત્રો અને જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) તાલીમી શિક્ષકોને નિમણુંક કરવાની રહેશે.

(૪) શિક્ષકોના પગારની ચૂકવણી પ્રવર્તમાન નિયમો અનુસાર બેંક મારફત કરવાની રહેશે.

(૫) શાળાની વહીવટી, નાણાંકીય, કાયદાકીય અને જુના તમામ હક્કદાવા અને પડતર કેસોની જવાબદારી શાળા મંડળની રહેશે.

(૬) સ્કુલ સેફટી પોલીસી ૨૦૧૬ તથા આર.ટી.ઇ અધિનિયમ ૨૦૦૯ અને ગુજરાત આર.ટી.ઇ રૂલ્સ ૨૦૧૨નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) જુના તમામ નામો/સ્થળની જવાબદારી શાળાએ સ્વિકારવાની રહેશે તથા વર્તમાનપત્રોમાં શાળાના નવા નામ/સ્થળ ફેરફાર સંબધી મુખ્ય વર્તમાનપત્રોમાં જાહેરાત આપી તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

(૮) DEO/DPEO એ ચેકલિસ્ટ મુજબના રજુ કરેલ આધારોની સત્યર્થા ચકાસણી કરેલ હોય જેથી ભવિષ્યમાં આ અંગે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની જવાબદારી સંબંધિત DEO/DPEOશ્રીની રહેશે.

Director of Primary Education * G.S. Gandhinagar *

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,વડોદરા તરફ આનુષાંગિક કાર્યવાહી કરવા સારૂ.(By RPAD)
- પ્રમુખ/ટ્રસ્ટીશ્રી, શ્રી વલ્લભાચાર્ય એજ્યુકેશન ટ્રસ્ટ,સી-૭૦૧, ઐશ્વર્યા એપાર્ટમેન્ટ,એલોરા પાર્ક,વડોદરા (By RPAD)
- સિલેક્ટ ફાઇલ